# શહેરમાં રાત્રે તોફાની પવન સાથે પોણા બે ઈંચ વરસાદ

**સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા : વાદળ ગર્જના અને ગગનભેદી વિજ કડાકા સાથે ખાબકેલા વરસાદના લીધે શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા : કેટલાક ઠેકાણે વૃક્ષો નમી પડયા : ગાબડા પડયા : જનજીવન પ્રભાવિત સેકટરોમાં કચરાની સાથે વરસાદી સમસ્યાનો ઢગ ખડકાયો : કેટલાક ઠેકાણે ઇલેક્ટ્રીક ઉપકરણોને નુકશાન**







ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં ગઈકાલે મોડી રાત્રે ભારે પવનના સુસવાટા અને અસહ્ય વિજકડાકા વચ્ચે ધોધમાર વરસાદ વરસ્યો હતો. તોફાની વરસાદે પલવારમાં જ શહેરમાં પાણી પાણી કરી દીધુ હતુ. જયારે વરસાદ સાથે પવનનુ જોર પણ વધુ હોવાથી કેટલાક ઠેકાણે હોર્ડીંગ્સ નમી ગયા હતા તો કેટલીક જગ્યાએ વૃક્ષો પણ નમી પડયા હતા. વિજળીના ચમકારા તેમજ ગગનભેદી વિજકડાકા સાથે આવેલા તોફાની વરસાદમાં વિજળીની અસરથી કેટલાક વિસ્તારમાં ઈલેક્ટ્રીક ઉપકરણોને પણ અસર થવા પામી હતી. દોઢ કલાકમાં પોણા બે ઈંચ વરસાદ ખાબકયો હતો. તોફાની વરસાદના લીધે શહેરમાં આજે નજર નાંખો ત્યાં વરસાદી સમસ્યા જોવા મળી હતી. માર્ગો પર સવારે પણ પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. કોમન પ્લોટમાં પણ વરસાદી પાણી ફરી વળ્યા હતા .જયારે ખોદકામના અંતે યોગ્ય માટીપુરાણ ન થતા વાહનચાલકો પણ ફસડાઈ પડયા હતા. શહેરમાં પ્રિમોન્સુન સવા બે ઈંચ વરસાદ નોધાયો છે. વરસાદના લીધે ચોમેર ઠંડક પ્રસરી હતી.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહથી વાતાવરણમાં વારંવાર નાટયાત્મક પલ્ટો જોવા મળી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોર્પોરેશને વાંકે માર્ગો પર આજા ફસાજાની સ્થિતિ : અનેક વાહનો સલવાયા...

શહેરમાં ગઈકાલે રાત્રિના આવેલા તોફાની વરસાદના લીધે સેકટરોમાં સવારે નતનવી સમસ્યાઓ નાગરિકો માટે હાલાકીનુ કારણ બની હતી. માર્ગો પર ભરાયેલા પાણી કેટલાક ઠેકાણે ઉતર્યા ન હતા. જયારે કોમન પ્લોટમાં પણ પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. સેકટરોમાં ગંદકી જોવા મળી હતી. તો કયાંક વૃક્ષો નમી પડયા હતા. પરંતુ વરસાદી સંજોગોમાં સૌથી વધુ નાગરિકો માટી પોલાણ થવાના લીધે સર્જાયેલા ગાબડાથી પરેશાન થયા હતા. સેકટરોમાં ઠેર ઠેર અગાઉ કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલા ખોદકામના લીધે યોગ્ય માટી પુરાણ ન થતા ભયજનક સ્થિતિ જોવા મળી હતી.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૮ કેસ

**કલોલમાં ૫, દહેગામમાં ૨ અને ગાંધીનગરમાં એક કેસ : આજે વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત થયા**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૮ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. આ ઉપરાંત આજે વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારના દર્દીઓમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનારનો આંક ૨૦ થયો છે.

આજે જે બે દર્દીના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે તે બન્ને દર્દી કલોલ તાલુકાના છે. આ સાથે કલોલ તાલુકામાં નોંધાયેલા દર્દીઓમાંથી અત્યાર સુધી સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૮ પર પહોંચી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં મૃત્યુદર ઊંચો આવી રહ્યો હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. આ દર પાંચ ટકાની આસપાસ થવા જાય છે. જે દર્દીઓના મૃત્યુ થયા છે તે કોરોના ઉપરાંત અન્ય બિમારી પણ ધરાવતા હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યાં છે.

આજે જે બે દર્દીઓના મોત થયા છે તેમાં એક દર્દીનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તો એક દર્દીનું અમદાવાદ સિવિલમાં સારવાર દરમ્યાન મોત થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ૮ કેસ આજે નોંધાયા છે તેમાં કલોલના પાંચ, દહેગામના બે અને ગાંધીનગરના એક કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામેથી એક દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ૩૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર દ્વારા તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કલોલમાંથી જે પાંચ કેસ મળ્યા છે તેમાં સઈજ બોરીસણા અને અર્બન વિસ્તારની એક મહિલાનો સમાવેશ થાય છે. આજે ૪ કેસ મહિલા દર્દીના નોંધાયા છે. આ ઉપરાંત સાંતેજમાંથી એક પુરૂષ દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## કલોલમાં પાંચ દિવસની આયુ ધરાવતી બાળકીનું કોરોનામાં મોત

આજે કલોલમાં એક પાંચ દિવસની આયુ ધરાવતી બાળકીનું કોરોનાની સારવાર દરમ્યાન મોત થયાના સમાચારથી સમગ્ર તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે આ બાળકીને જન્મ બાદ હર્નિયા જેવુ ઓપરેશન કરાવવુ જરૂરી હોવાથી તેણીનીને અમદાવાદ સિવિલમાં દાખલ કરવામાં આવી હતી જ્યાં તેણીનીનું સારવાર દરમ્યાન મોત થયુ છે.આ ઉપરાંત કલોલમાં એક ૬૫ વર્ષીય પુરૂષ જેનો કોરોના રિપોર્ટ પાંચ દિવસ પહેલાં પોઝીટીવ આવ્યો હતો તેનુ સારવાર દરમ્યાન મોત થયુ છે. કલોલમાં આજે એક સાથે બે દર્દીના મોતના સમાચારથી સમગ્ર તાલુકામાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

# શહેરમાં વધુ ૩ કેસ

**સે. ૩-એ, સે. ૪-સી અને સે. ૨૦ માંથી કેસ મળ્યા : સે. ૨૦ ના દર્દીએ લેખિત ખાતરી આપતાં તંત્રએ હોમ આઈસોલેશનની મંજૂરી આપી**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૩ દર્દી મળી આવતાં તંત્ર આજે પણ દોડતુ રહ્યુ હતુ. શહેરમાં આ ૩ કેસ સાથે નોંધાયેલા દર્દીઓની સંખ્યા ૧૪૯ પર પહોંચી છે.

શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને દર્દીઓની સંખ્યા ૧૫૦ ની નજીક પહોંચી ગઈ છે. આથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે તંત્રના સૂત્રોનું માનીએ તો મોટા ભાગના કેસો લોકલ ટ્રાન્સમિશનથી જ નોંધાયા છે.

શહેરમાં આજે જે ત્રણ કેસ નોંધાયા છે તે સે. ૩-એ, સે. ૪-સી અને સે. ૨૦ માંથી મળી આવ્યા છે. આજે નોંધાયેલા ૩ એ પુરૂષ દર્દી છે. જોકે સે. ૨૦ માંથી જે દર્દી મળેલ છે તેણે આરોગ્ય વિભાગના પરિપત્ર મુજબ લેખિતમાં બાંહેધરી આપતાં તંત્રએ હોમ આઈસોલેશનની માંગ મંજૂર કરી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૦ માં નોંધાયેલ દર્દી એ ખાનગી સંસ્થામાં નોકરી કરે છે. અમદાવાદ ખાતે આ યુવાન નોકરી કરે છે અને તે અપડાઉન કરતો હતો.

સે. ૩-એ માંથી આજે વધુ એક પુરૂષ દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ યુવાન પણ અમદાવાદ ખાતે નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે.

જ્યારે સે. ૪-સી માં અગાઉ સંક્રમિત થયેલ પરિવારના એક વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સ્થિત ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે-પસીમાં પાણી ડહોળુ આવતા રહીશોમાં આક્રોશ

**ફરિયાદનો ત્વરિત નિકાલ આવે તે માટે તંત્રને રજુઆત**

ગાંધીનગર તા ૧૧

શહેરના નવા અને જુના સેકટરોમાં વારંવાર પાણી ફોર્સથી ન આવતુ હોવાની સાથે પાણીની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાય છે. જો કે સેકટરવાસીઓને સપ્લાય થતા પાણીના નમુના લઈ ગુણવત્તાની યોગ્ય ચકાસણીના અંતે જ પાણીનો સપ્લાય આપવામાં આવતો હોવાનુ પણ તંત્ર જણાંવી રહ્યુ છે. પરંતુ સેકટરોમાં કેટલીકવાર લાઈનમાં ભંગાણ થતુ હોવાના લીધે પણ ડહોળા પાણીની સમસ્યા ઉદભવે છે. સે-૫ સી માં પણ હાલ કેટલાક ઠેકાણે પાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદો નાગરિકો કરી રહ્યા છે. આ અંગે તંત્ર સમક્ષ રજુઆત પણ કરવામાં આવી છે.


શહેરના નવા અને જુના સેકટરોમાં વારંવાર પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. સેકટરોની વસતી અને વિકાસ મુજબ દાયકાઓ જુની પાઈપલાઈન પણ હવે પર્યાપ્ત નથી અલબત્ત પાણીની લાઈન પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. જયારે સેકટરોમાં પાણીની ગુણવત્તા સામે પણ અનેકવાર સવાલો મંડરાય છે. એકબાજુ કોર્પોરેશન દ્વારા વારંવાર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. સ્ટોર્મ વોટર લાઈન સહીત અન્ય જરૂરી લાઈનની ખોદકામગીરીના અંતે વારંવાર અન્ય યુટીલીટી લાઈનમાં ક્ષતિ આવે છે. આવા સંજોગોમાં પાણીની લાઈનમાં પણ ભંગાણ થતા હોવાના અનેક કિસ્સા છે.

શહેરમાં ડહોળા પાણીનો પ્રશ્ન અનેકવાર ઉઠવા પામે છે. જેના લીધે પાણીની ગુણવત્તા સામે અનેક સવાલો મંડરાય છે. એકબાજુ તંત્ર દ્વારા પાણીની ગુણવત્તા ચકાસવા માટે સમયાંતરે પાણીના નમુના લેવામાં આવે છે. જયારે પાણીમાં જરૂરી તત્વો અંગેની ચકાસણી પણ કરવામાં આવે છે. પરંતુ શહેરમાં ડહોળા પાણીની પોકાર ઉઠતી રહે છે.

સે-૫ સી માં છેલ્લા કેટલાક દિવસથી ડહોળુ પાણી આવતુ હોવાની નાગરિકોની ફરિયાદ છે. ખ-૩ સર્કલ પાસેના રહેણાંક વિસ્તારમાં પ્લોટ નં -૮૦૦ થી ૯૦૦ વચ્ચેના વિસ્તારમાં સ્થિત સોસાયટીના મકાનોમાં ડહોળુ પાણી આવતા રહીશોમાં રોષ પ્રવર્તયો છે. સ્થાનિકોના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. આ સમસ્યાનો ત્વરિત નિકાલ આવે તે માટે પણ જાગૃત નાગરિકોએ રજુઆત કરી છે. સ્થાનિક અગ્રણી કેસરીસિંહ બિહોલાએ પણ સેકટરવાસીઓની ડહોળા પાણીની સમસ્યા ડામવા માટે તંત્રને રજુઆત કરી છે.

## જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો

**દહેગામમાં સૌથી વધુ તો કલોલમાં સૌથી ઓછો વરસાદ**



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં ગઈકાલે થયેલા સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ વ્યાપી જવા પામ્યો છે. ખરીફ સિઝનની વાવણીના આરંભથી જ વરસાદના આગમનને ખેડૂતોએ વધાવ્યુ છે અને આગામી દિવસોમાં વાવણીનું કાર્ય વધુ વેગીલુ બનશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગઈકાલે રાત્રે જિલ્લામાં થયેલ સાર્વત્રિક વરસાદમાં સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં ત્રણ ઈંચ કરતાં વધુ નોંધાયો છે. આ પછી માણસા તાલુકામાં પણ દોઢ ઈંચ જેટલો વરસાદ થયો છે. જ્યારે ગાંધીનગર તાલુકામાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. કલોલ તાલુકામાં અડધા ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

ખેતરો તપાવીને તૈયાર કરાયા હતા અને વરસાદનું આગમન થતાં જમીનમાં ભેજનુ પ્રમાણ વધ્યુ છે જેની પાકના ઉગાવા પર અસર થતી હોય છે. જિલ્લામાં થયેલા આ સાર્વત્રિક વરસાદ પછી ખેડૂતોએ હવે વાવણી પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.


**ખોટી રીતે ચાર્જ વસૂલ કરતી**

# ખાનગી હૉસ્પિટલોને કાયમ માટે બંધ કરી દેવાશે : નીતિન પટેલની ચેતવણી

**હવે નાગરિકો ખાનગી લેબમાં ટેસ્ટ કરાવી શકશે**

ગાંધીનગર,તા.૧૧

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો છેકે, અમદાવાદમાં જે નાગરિકોને લાગતુ હોય કે તેમને કોરોના શંકાસ્પદ છે તેઓ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શનના આધારે પ્રાઈવેટ લેબમાં પોતાનો કોરોના ટેસ્ટ કરાવી શકે છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છેકે, અત્યારસુધી નાગરિકો માત્ર સરકાર દ્વારા લેવાયેલા સેમ્પલનું જ ટેસ્ટિંગ કરાવી શકતા હતા, તેના બદલે હવે એમડી સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો જે નાગરિકમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાય અને તેના ટેસ્ટ કરાવવાની ભલામણ કરશે તો ખાનગી લેબોરેટરીમાં એ નાગરિકો પોતાનો ટેસ્ટ કરાવી શકશે. જેની જાણકારી જે તે ડોક્ટરે મહાનગરપાલિકાને જાણ કરવાની રહેશે. આ નિર્ણય આવતીકાલથી લાગૂ પડશે.





નીતિન પટેલે જણાવ્યું છેકે, અમદાવાદમાં એમડી સ્પેશિયાલિસ્ટ સહિતના ૧૪૦૦ જેટલા ડોક્ટરો ખાનગી પ્રેક્ટિસ કરે છે. ઘણા નાગરીકો આ ડોક્ટરો પાસે કન્સલ્ટિંગ માટે જાય છે. તેમના દ્વારા ટેસ્ટ કરવાની ભલામણ કરાવવામાં આવે તો સોલા, સિવિલ કે અર્બન હેલ્થ કેરોમાં જવું પડતું હતું. ગઈકાલે કોર ગ્રુપે નિર્ણય કર્યો છેકે, અમદાવાદમાં ૧૪૦૦ જેટલા ડોક્ટરો પાસે કોઈપણ નાગરીક પોતાની શારીરિક ચકાસણી જાય અને જો એ ડોક્ટરને એવું લાગે કે તેમનામાં કોરોનાના શંકાસ્પદના લક્ષણો છે તો તેવા વ્યક્તિ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# એસવીપીના નર્સિંગ સ્ટાફની પગાર પ્રશ્ને ફરીથી હડતાળ

**કર્મચારીઓને પુરતો પગાર ચુકવવામાં ન આવતા ૫૦ કર્મચારી હડતાળ પાડી દીધી : દર્દીઓની હાલત કફોડી**

અમદાવાદ, તા. ૧૧

શહેરની એસવીપી હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ આજે સવારથી હડતાલ પર ઉતરી ગયો છે. કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે કે હોસ્પિટલ તરફથી પગાર ચુકવવાની જે ખાતરી આપવામાં આવી હતી તેનું પાલન કરવામાં આવ્યું નથી. કર્મચારીઓને પૂરતા પૈસા ચુકવવામાં આવ્યા નથી. કેટલાક કર્મચારીઓને ઓછા જ પૈસા ચૂકવ્યા છે, જેથી આજે સવારથી તેઓ હડતાળ પર ઉતરી ગયા છે. ૫૦ જેટલા કર્મચારીઓ હાલમાં એસજીપી હોસ્પિટલના કેમ્પસમાં એકઠા થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે ૩ દિવસ પહેલા પણ એસવીપીના નર્સિંગ સ્ટાફે હડતાળ કરી હતી. એસવીપી હોસ્પિટલના નસિંગ સ્ટાફે ત્રણ દિવસ પહેલા હડતાળ કરી હતી. ઈમેલ કરીને સ્ટાફના પગારમાં ૨૦% થી વધુનો કાપ મૂકાયો હતો. કોરોના વોરિયર્સ એવા નસિંગના કર્મચારીઓમાં રોષ ફેલાયો હતો. તેમજ પૂરો પગાર આપવાની માગ સાથે સ્ટાફે કેમ્પસમાં જ ઘરણાં કર્યા હતા. જો કે બાદમાં હોસ્પિટલ તંત્રએ લેખિતમાં ખાતરી આપી હતી કે તેમનો પગાર નહીં કપાય તેમજ જે સ્ટાફ કોવિડ-૧૯ વોર્ડમાં ફરજ બજાવે છે તેમને ૨૦ ટકા વધારે પગાર ચૂકવવામાં આવશે. ૩૦ જૂન સુધી તેમને વળતર પણ અપાશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com